ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં સવારે વરસાદના ધોધમાર ઝાપટાથી સેક્ટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા

**અડધો ઇંચ વરસ્યો : શહેરમાં સિઝનનો ૫ ઇંચ વરસાદ : વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક : સેક્ટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા : વરસાદી ઝાપટાના અંતે બપોર બાદ બફારાનુ પ્રમાણ વધ્યુ**




ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વરસાદનો વિચિત્ર મિજાજ જોવા મળી રહ્યો છે. ગત જુન મહીનાથી જ વરસાદી વાદળો રોજબરોજ આકાશમાં ડોકિયુ કરતા જોવા મળે છે. પરંતુ હજુ સુધી મેઘરાજા મુશળધાર વરસ્યા નથી. સમગ્ર રાજયમાં એકબાજુ વરસાદી હેલી વચ્ચે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. અમદાવાદ સુધી મેઘરાજા મહેરબાન થયા છે. પરંતુ ગાંધીનગરના સિમાડાએથી વરસાદી વાદળો વરસવાનુ બંધ કરી દે છે. જુનના અંતે જુલાઇ મહીનાની શરૂઆતથી જ રોજબરોજ વરસાદી વાયરા વચ્ચે આકાશી નઝારો પણ નિખરે છે. આકાશમાં ગોરંભાતા કાળા ડીબાંગ વાદળો રોજબરોજ વરસાદની આશ જન્માવે છે. પરંતુ હળળા ઝાપટા કે વરસાદી છાંટણા સિવાય શહેરને જળબંબાકાર કરે તેવો વરસાદ વરસતો નથી. છેલ્લા એક સપ્તાહથી વરસાદ રોજબરોજ હાથતાળી આપી છાંટા નાંખીને વિદાય લે છે. જેના લીધે શહેરમાં વરસાદ નથી આવતો પરંતુ વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી અને માટી પોલાણના દ્રશ્યો જોવા મળે છે. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડે છે. બીજીતરફ વરસાદી વાતાવરણ અને ભીંજારાના માહોલ વચ્ચે થોડીવાર માટે ઠંડક અનુભવાય છે પરંતુ થોડીવારમાં જ વાદળો વિખેરાઇ જતા નગરજનોએ અસહ્ય ઉકળાટ વેઠવાનો વારો આવે છે. આજે સવારે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો વરસતા ચોમેર જળબંબાકાર થઇ જશે તેવી આશ પણ પ્રબળ બની હતી પરંતુ સવારે થોડીવાર માટે આવેલા વરસાદી ઝાપટા બાદ વાદળો વિખેરાઇ જતા વરસાદ પણ બંધ થઇ ગયો હતો.

વરસાદી ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા. જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી. સવારના સમયે વરસાદ આવતા મોર્નિંગ સ્કુલમાં શાળાએ જતા બાળકોને સ્કુલ સુધી પહોંચાડવામાં વાલીઓએ પણ ભીંજાવાનો વારો આવ્યો હતો. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે બપોરે ઉજાસ પથરાયો હતો. દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી રહી હતી. શહેરમાં આજે સવારે અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો શહેરમાં અત્યાર સુધી સિઝનનો કુલ વરસાદ ૫ ઇંચ જેટલો થયો છે.

## જિલ્લામાં મેઘરાજાની ધીમી હેલી, દિવસ દરમ્યાન દોઢ ઈંચ વરસાદ

**છેલ્લા પાંચ દિવસમાં સિઝનનો ૧૧ ટકા વરસાદ નોંધાયો : ગાંધીનગરમાં જ સૌથી ઓછો વરસાદ જિલ્લામાં નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાતા વાતાવરણમાં બદલાવ આવ્યો છે. છેલ્લા પાંચ દિવસથી ધીમી હેલી વરસાદ કરી રહ્યો છે.

આજે સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં ગાંધીનગર તાલુકામાં ૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે. કલોલમાં ૧૬ મી.મી., દહેગામમાં ૫ મી.મી. અને માણસામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લાના ચારેય તાલુકામાં આજે સાંજના ૬ વાગ્યા સુધીમાં કલોલમાં ૧૮૦ મી.મી., ગાંધીનગરમાં ૧૦૪ મી.મી., દહેગામમાં ૨૧૨ મી.મી. અને માણસામાં ૨૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે ઘણા તાલુકામાં ખંડીય વૃષ્ટ્રિનો અનુભવ પણ થયો છે. જિલ્લામાં વરસાદના આગમનની સાથે ગ્રામીણ તળાવોમાં પાણીની નવી આવક થઈ છે સાથે હાલ ખરીફ વાવણીની કામગીરીએ વેગ પકડ્યો છે.


જિલ્લામાં જુલાઈમાં આમેય વરસાદ ઓછો નોંધાતો રહ્યો છે. ઓગષ્ટ અને સપ્ટેમ્બરમાં સારો વરસાદ થતો હોય છે. આજે સવારે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૧૬૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. ચોમાસાની સિઝનનો ૨૨.૧૧ ટકા વરસાદ જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં ૧૦મી જુલાઈથી આજ સુધીમાં ૧૧ ટકા જેટલો વરસાદ નોંધાયો છે અને તેની સીધી અસર વાતાવરણમાં ઠંડક વધતાં જણાઈ રહી છે.

જિલ્લામાં જો કે હજુ ગાંધીનગર તાલુકો એક માત્ર તાલુકો એવો છે જ્યાં હજુ વાવણીલાયક વરસાદ અર્થાત ૧૨૫ મી.મી. વરસાદ નોંધાયો નથી. આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦૪ મી.મી. જ વરસાદ થયો છે.

આજે સવારે જિલ્લામાં સારો વરસાદ થશે તેવુ સૌ કોઈ માનતા હતા પરંતુ વરસાદ થાપ આપી ગયો. એક તબક્કે સવારે ૮ થી ૧૦ ના ગાળામાં વરસાદની ગતિ જોયા બાદ લાગતુ હતુ કે આજે જોરદાર વરસાદ થશે પણ તે વરસ્યો નથી.

## આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો જન્મ દિવસ, ગરીબલક્ષી કાર્યક્રમોનું આયોજન



ગાંધીનગર, તા. ૧૪

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે જન્મ દિવસ છે. ખૂબ જ ટુંકા સમયમાં ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખૂબ જ સંવેદનશીલ સ્વભાવ સાથે અસરકારક નિર્ણાયક શક્તિને પગલે ગુજરાતમાં ગામે-ગામ ભૂપેન્દ્રભાઈ પટેલની લોકચાહનામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

ઘાટલોડિયા વિધાનસભા મત વિસ્તારમાં તેમના જન્મ દિવસની ઉજવણીને લઈ નવ જેટલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

સોલા હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ, હોસ્પિટલના અન્નક્ષેત્રમાં મીઠાઈ વિતરણ તેમજ ૬૦ હજાર જેટલા વૃક્ષોના વાવેતર, આંગણવાડીમાં રમકડાં વિતરણ, આનંદનો ગરબો, ગરીબોને ભોજન સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.

સાંજે ઋષિકુમારો દ્વારા પૂજન-અર્ચન, આશીર્વચન અને મહા આરતી પણ સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે કરવામાં આવનાર છે. મુખ્યમંત્રી ગાંધીનગરમાં સે. ૨૪ ખાતે કોરોનાના પ્રતિકાર માટે પ્રિકોશન ડોઝ મફતમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ દિવસની ઝુંબેશનો પ્રારંભ કરાવનાર છે.

## શહેરમાં પાણીની પાઈપલાઈનની કામગીરીમાં બેદરકારી માટે એજન્સીને નોટીસ ફટકારી

**સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે એજન્સીને વિસ્તૃત નોટીસ પાઠવી**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરમાં ૨૪x૭ વૉટર સપ્લાયની કામગીરી અંતર્ગત પાઈપલાઈન નાંખવાની કામગીરીમાં બેદરકારી દાખવવા માટે એજન્સી ક્રિષ્ણા કોર્પ એજન્સીને નોટીસ ફટકારી છે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલ દ્વારા આ નોટીસ ફટકારવામાં આવી છે અને તેમાં બ્લેક લીસ્ટ કેમ ના કરવા ? સમારકામની કામગીરી ન કરવા બદલ આપને ચુકવવા પાત્ર રકમમાં પેનલ્ટી કેમ ન લગાવવી ? ચોમાસાની ઋતુ દરમ્યાન ખોદવામાં આવેલ જગ્યા અથવા તો યોગ્ય બ્રેક ફિલીંગ ન થયેલા હોય એવી જગ્યા પર જો કોઈ જાનહાનિ કે માલ મિલ્કતને નુકશાન થશે તો ઈજારદાર સામે ફોજદારી રાહે પગલાં કેમ ન ભરવા તે અંગે ખુલાસો કરવા સૂચના આપવા સાથે આ નોટીસ આપવામાં આવી છે.

પટેલે પાઠવેલ આ નોટીસમાં વારંવાર આપવામાં આવેલ સૂચનાઓનો અમલ ન કરવાથી મનપાની છબી પણ શહેરીજનોમાં ખરડાઈ રહી હોવાનું જણાવી પૂરણની કામગીરી યોગ્ય રીતે ન થતી હોવા સામે આક્રોશ ઠાલવ્યો છે.

તેમણે આ નોટીસ પત્રમાં આ કામગીરી માટે જ્યાં ખાડા કરવામાં આવે અને કામગીરી બાકી હોય તેવી જગ્યાએ જ્યાં સુધી કામગીરી પૂર્ણ થઈ ખાડા પૂરવામાં ન આવે ત્યાં સુધી આ ખાડામાં કોઈ વ્યક્તી અજાણપણે પડે નહિ તેમજ અકસ્માત સર્જાય નહિ એ હેતુથી ખાડાની ચોતરફ રિફ્લેકશન લાઈટ સાથેનું યોગ્ય હાર્ડ બેરીકેટીંગ કરવા માટે આપવામાં આવેલ સૂચનાનું પાલન પણ ન કરાયુ હોવાનું જણાવ્યુ છે.

તેમણે પ્રભારી મંત્રી અને અધિકારીઓની તેમજ મનપાના પદાધિકારીઓની સંયુક્ત બેઠકમાં થયેલ ચર્ચાનો પણ ઉલ્લેખ કર્યો છે એટલુ જ નહિ ઘ-૬ જંકશન પાસે પુશીંગની કામગીરી અધુરી હોવા છતાં તેને ફરતે કોઈ બેરીકેટીંગ લગાવાઈ ન હતી તેનો પણ ઉલ્લેખ કરી નગર સેવક દ્વારા યુવકને ઉગારી લેવાયાની વાત પણ જણાવી છે.

મનપા દ્વારા આક્રમક તેવર દેખાડવામાં આવ્યા છે. આ નોટીસ પત્રની નકલો પ્રભારીમંત્રી તેમજ પાણી પુરવઠા બોર્ડ, વિભાગ, માર્ગ મકાન વિભાગ અને સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ને પણ મોકલવા ઉપરાંત કલેકટરશ્રી, ટાટા કન્સલટન્સીને પણ મોકલવામાં આવી છે.

## શહેરમાં ઉભા સુકા જોખમી વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત

**સે-૨૦માં સુકાયેલા વૃક્ષનુ તોતિંગ ડાળુ પડતા યુવતિનો સદનસીબે બચાવ : વૃક્ષોની નમી પડેલી ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવાની માંગ : વરસાદી દિવસોમાં સુકા વૃક્ષોની કટોતી કરવા સ્થાનિકોની માંગણી**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગનુ કામ થયુ નથી જેના લીધે શહેરના



મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઇટના પોલ્સ તેમજ સાઇન બોર્ડસ માટે પણ અવરોધરૂપ બની છે. વોક વે પર પણ લટકતી ડાળીઓથી નગરજનો પરેશાન છે. જયારે વરસાદી દિવસોમાં ઉભા સુકા વૃક્ષો પણ નગરજનો માટે જોખમી બન્યા છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે સુકાયેલા વૃક્ષો જોખમી હાલતમાં છે. જયારે આ પ્રકારની ભયજનક સ્થિતિ દુર કરવા માટે પણ વનતંત્રએ ત્વરિત પગલા હાથ ધરવાની અનિવાર્યતા છે.

ગાંધીનગર શહેરમાં હજુ પણ સુકા વૃક્ષોની સંખ્યા વધુ છે. એકબાજુ વનતંત્ર દ્વારા સમયાંતરે ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જયારે સેકટરોમાં મુખ્યમાર્ગો સહીત આંતરિક માર્ગો પર વૃક્ષોની તોતિંગ ડાળીઓ લટકતી જોવા મળે છે. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટનુ અજવાળુ પણ માર્ગો પર પડતુ નથી જયારે મુખ્યમાર્ગો પર કેટલાક ઠેકાણે સાઇન બોર્ડસ માટે પણ વૃક્ષોની ડાળીઓ આડશ બની છે. આ ઉપરાંત વોક વે પર વૃક્ષોની લટકતી ડાળીના લીધે વોકીંગ કરનારાઓ પણ પરેશાન છે. હાલ વરસાદી દિવસો ચાલી રહ્યા છે. ત્યારે શહેરના સેકટરોમાં ઉભા સુકા

● અનુસંધાન પાન-૭ પર

## કહેર યથાવત : શહેરમાં નવા ૩૦ અને ગ્રામ્યમાં ૧૪ કેસ નોંધાયા

**ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસ ૧૦૨ તો શહેરમાં ૧૪૦ કેસ : આઈઆઈટીમાં ૬, પેથાપુરમાં ૫, સરગાસણમાં ૩, સે. ૨, ૨૨, ૩૦ માં ૨-૨ કેસ, ઉપરાંત કુડાસણ, વાવોલ, રાંદેસણ, રાયસણ, સે. ૨૯, ૩, ૪, ૧૯, ૧ અને ૭ માંથી કેસ મળ્યા : કલોલમાં ૫, ગાંધીનગરમાં ૬ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લાનો કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં ૩૦ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધ-ઘટને પગલે તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોનાના મોટા ભાગના કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સાથે સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવાની સૂચનાઓ આપી છે.

શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે તંત્રએ ટ્રેકીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ તૈયાર કરી અને અમલી બનાવી છે. તંત્ર દ્વારા ટેસ્ટીંગ વધારવામાં આવી રહ્યુ હોવાનું પણ સૂત્રોએ સ્વીકાર્યુ છે. જો કે આ વખતે રિકવરી રેટ સારો હોવાથી તેમજ હોસ્પિટલાઈઝેશન ઓછુ હોવાથી તંત્રને રાહત છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ કેસ નોંધાયા છે. દહેગામમાં ૩, ગાંધીનગરમાં ૬ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દી છે જ્યારે પાંચ દર્દી ૬૦ થી વધુ વયના છે.

દહેગામમાં આજે અર્બન વિસ્તારમાંથી એક, ઉપરાંત સાંપા અને ચેખલાપગી ગામેથી એક-એક કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં અડાલજમાંથી ૩, છાલામાંથી બે અને રૂપાલમાંથી એક કેસ મળી આવેલ છે.

કલોલમાં અદાણી શાંતિગ્રામમાંથી એક, કલોલ અર્બનમાંથી ૨, કલોલ અર્બન-૧ માંથી એક, તેમજ નારદીપુરમાંથી એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે

● અનુસંધાન પાન-૭ પર

### આજે સે. ૨૪ ખાતેથી મુખ્યમંત્રી કોરોના પ્રિકોશન ડોઝની ઝુંબેશનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર સે. ૨૪ના આરોગ્યે કન્દ્ર ખાતેથી ૭૫ દિવસ સુધી મફતમાં પ્રિકોશન ડોઝ વેક્સીનેશનનો પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે જન્મ દિવસ પણ છે. વેક્સિનેશન અભિયાનનો તેઓ આરંભ કરાવવા આવી રહ્યા હોવાથી તંત્રએ પણ આ અંગેની તૈયારીઓ લગભગ પૂરી કરી લીધી છે.

ગાંધીનગર શહેરમાં વેક્સીનના પ્રથમ ડોઝ અને સેકન્ડ ડોઝની કામગીરી ૧૦૦ ટકા થઈ ગઈ છે. પ્રિકોશન ડોઝ માટે લોકોમાં ઉદાસીનતા જોવા મળી રહી છે. તંત્રએ પ્રિકોશન ડોઝ માટે સચિવાલય સંકુલ, જીવરાજ મહેતા ભવન ખાતે ખાસ કેમ્પ મોડમાં કામગીરી હાથ ધરી હતી પરંતુ તેને ધાર્યો પ્રતિસાદ મળ્યો ન હતો.

કોરોનાના પ્રતિકારમાં વેક્સીન અસરકારક પુરવાર થઈ રહી છે. અત્યારે જે કેસો નોંધાઈ રહ્યા છે તેમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે તે જ તેની અસરકારકતા પુરવાર કરે છે.

### જીનોમ સિકવન્સના પરિણામો હજુ આવ્યા નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે તેને ધ્યાને લઈ કોરોના વેરિએન્ટને ઓળખવા દર્દીઓના લેવાયેલ સેમ્પલો જીનોપ સિકવન્સ માટે તંત્રએ મોકલ્યા છે. હજુ તેનું પરિણામ આવ્યુ નથી. ગાંધીનગરમાં આમ તો કોરોનાના ઓમિક્રોન કેસો હોવાનું મનાઈ રહ્યુ છે. તે ઝડપથી વિસ્તરે છે. શહેરમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યુ છે. કોરોના ગાઈડલાઈનના પાલન માટે તંત્રને પણ સૂચનાઓ આપી છે. આ વખતે મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે. ત્રીજી લ્હેરમાં પણ મહિલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર હતી. આ વખતે હોસ્પિટલાઈઝેશન ઓછુ છે તેમજ કોરોનાના લક્ષણો પણ હળવા જણાઈ રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રક્ષાશકિત સર્કલથી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગ પર એક સપ્તાહથી અંધારપટ્ટ

**સરગાસણ તરફ જવાના માર્ગ પર પણ અંધારુ : મેટ્રો લાઇનનુ કામ પણ ચાલુ છે ત્યારે રાત્રિના સમયે એકબાજુ ભારે વાહનોની અવરજવર વચ્ચે લાઇટો પણ ડુલ રહેતા માર્ગ સલામતી જોખમાઇ : સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવા માટે ત્વરિત કામ હાથ ધરવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વરસાદી દિવસોમાં આમ પણ માર્ગ સલાતમી જોખમાઈ છે. જયારે માટી પોલાણ અને ગાબડાના લીધે જોખમી દ્રશ્યો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે રાત્રિના સમયે ભારે વાહનોની અવરજવરથી ઘેરાયેલા રક્ષા શકિત સર્કલથી રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગ પર છેલ્લા એક સપ્તાહથી અંધારપટ્ટ છવાયેલો છે. આ ઉપરાંત સરગાસણ તરફ જવાના માર્ગ પર પણ અંધારુ છે. જયારે આ રૂટમાં મેટ્રોલાઈનનુ કામ પણ ચાલતુ હોવાના લીધે અંધારા વચ્ચે માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ત્વરિત માર્ગ પર લાઈટનુ અજવાળુ પથરાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર લાઈટો ડુલ જોવા મળી રહી છે. જેના લીધે સાંજ ઢળતા જ સેકટરોના રીંગ રોડ સહીત આંતરિક વિસ્તારમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. વરસાદી દિવસોમાં આમ પણ હાલ માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવવાની સાથે આસપાસ માટી પોલાણ થવાના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

કચ્છની ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)
કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com